





ધોવાઇ જાય મેલ મનના, સૌના એ જ શુભેચ્છા!
ને રહે મધુરપ હૃદયમાં, સૌના એ જ શુભેચ્છા,
ને ફળતાં રહે સદ્‌ભાગ્ય, સૌના એ જ શુભેચ્છા!
મળે સુખ-શાંતિને આરોગ્ય સૌને એજ શુભેચ્છા!
(નૂતન વર્ષાભિનંદન)

નૂતન વર્ષે
સવિનય વંદન -
સહ શુભેચ્છા..
(સુપ્રભાતમ્)

સૌના મનની,
થાય ઇચ્છાઓ પૂર્ણ
એ જ પ્રાર્થના..
(સાલ મૂબારક)




## ચિંતન

**ન દેવો વિદ્યતે કાષ્ટે ન પાષાણે ન મૃન્મયે । ભાવે હિ વિદ્યતે દેવસ્ત સ્માદ્ ભાવો હિ કારમણ્ ॥ (૧)**
**કાષ્ટપાષાણ ધાતુનાં કૃત્વા ભાવેન સેવનમ્ । શ્રદ્ધયા ચા તયા સિદ્ધસ્તસ્ય વિષ્ણુઃ પ્રસીદતિ ॥ (૨)**

ચાણક્ય કહે છે કે -

દેવતા-ભગવાન-પરમેશ્વર લાકડાં પથ્થર કે ધાતુઓની મૂર્તિમાં નથી હોતા પરંતુ મનુષ્યની જેવી ભાવના હોય એવી ભાવનામાં વિદ્યમાન રહે છે (૧)

લાકડાં, પથ્થર કે ધાતુની મૂર્તિમાં પણ જો માનવી શ્રધ્ધા-વિશ્વાસ પૂર્વક અને શુદ્ધ ભાવનાથી જો પૂજા કરે તો એ મૂર્તિઓ દ્વારા જ એની શ્રદ્ધા-ભક્તિ ફળે છે અને જે કંઇ ઇચ્છા-અપેક્ષા રાખે તેમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ઇશ્વર સાચી ભાવનાવાળા ભક્ત પર અવશ્ય પ્રસન્ન થાય જ છે.

'રામચરિત માનસ'માં તુલસીદાસજીએ પણ સ્પષ્ટ લખ્યું છે.

જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરત તિન દેખી તૈસી ।

જે લોકો જેવી ભાવના દૃષ્ટિથી ઇશ્વરને જૂએ છે એવા ભક્તોને પ્રભુની મૂર્તિએ સ્વરૂપે જ દેખાય છે અને ભાવના જરૂર ફળે છે.

હૃદયના ભાવ, આંખ અને ચહેરા પરથી વાંચી શકાય છે ઇશ્વર સર્વજ્ઞ છે જ આપણી શુદ્ધ-હૃદયપૂર્વકની ભાવના-પ્રાર્થનાનો એ પ્રત્યાઘાત જરૂર આપે જ છે આપણે એ ઓળખી શકતા નથી.

## સુવિચાર

- આપણી દાનત ચમત્કારીક રીતે આપણે સ્વભાવ બની જાય છે **- શેક્સપિયર**
- માણસ પોતે જ ભારે થઇ જાય છે પછી ફરિયાદ કરે છે કે હળવાશ લાગતી નથી **- માનસ સૂત્ર**
- જેવા સાથે તેવા થવામાં હોંશિયારી નથી, તમે સારા છો તો સારા જ રહો તમે જોવા છો તેવા જ કાયમ રહો તે જરૂરી છે **- પૂજ્ય મોટા**
- આપણે કયારેય એટલા સુખી નથી હોતા અને કયારેય એટલા દુઃખી નથી હોતા, જેટલા આપણે સમજતા હોઇએ છીએ **- લા રોશ**
- આ જમાનામાં મોટી ડિક્ષનેરીઓ કબાટમાં જોવાલાયક ચીજ બની ગઇ છે, અને દિલની ડિક્ષનેરીમાં તો શબ્દો શોધ્યા જડતા નથી **- ડો.ચંદ્રકાન્ત મહેતા**
- આપણે આપણા મિત્રો માટે સમય ફાળવી શકતા નથી અને દુશ્મની પાછળ આપણે ઘણો સમય વેડફવા તૈયાર થઇ જઇએ છીએ **- ભક્તિસૂત્ર**
- વલણ હું એક સરખું રાખું છું, આશા-નિરાશામાં... બરાબર ભાગ લઉં છું, જીંદગીના સૌ તમાશામાં **- અમૃત ઘાયલ**

## બોધ કથા

ભક્તિભાવ ભરેલી નવરાત્રી ગઇ એમ કહેવા કરતાં રસભરપૂર, યૌવનના થનગનાટ ભરપૂર રસીલી નવરાત્રી ગઇ આ નવ દિવસમાં કેટલાય નવા પરિચય દાંડિયાની ચોટે નજીક આવ્યા હશે. પ્રેમ પાંગર્યા હશે હૈયાં હિલોળે ચડ્યાં હશે કોઇ જિંદગીભરના ગરબે ઘૂમશે તો કોઇ બ્રેક કે બાદ તું કોણ-હું કોણની ગીર્દીમાં ખોવાઇ જશે. કોઇ પ્રેમમાં ઝૂરે કોઇ વેદનામાં આત્મહત્યા કરે. જિંદગીના અનુભવોને માણવા અને સહેવાની શક્તિ-તાકાત-સમજ હોવી જોઇએ.

બરાક ઓબામા એ ન્યૂયોર્ક ટાઇમ્સને આપેલી મુલાકાત (૨૦૦૮) માં રાજકીય બનાવ-ઘટના સંબંધો અને વિશ્વાસઘાત, દગાખોરી અને મૈત્રીની ચર્ચા કરતાં પોતાની જિંદગીની ઘટનાનું ઉદાહરણ આપ્યું... કહ્યું.

હું શિકાગોની કોલેજમાં ભણતો હતો ત્યારે એક યુવતી સાથે પ્રેમ થઇ ગયો. નોટો-બૂકની લેતીદેતીથી ઘણી આગળ વધી ચૂકયાં હતા-પણ કોલેજના છેલ્લા વર્ષમાં જ 'બ્રેકઅપ' થઇ ગયું. યુવતી સાવ 'અજાણી' થઇ ગઇ. મને ખૂબ આઘાત લાગ્યો - ઊંઘ ન આવતી-આત્મહત્યા કરવાના અને વેર વાળવાના વિચાર આવ્યા પણ અંતે વિચાર્યું કે 'પ્રેમ કર્યો' એ સુંદર અનુભવ લીધો તો 'પ્રેમભગ્ન' થવાનો પણ એક 'અનુભવ જ' છે ને એને પણ એ રીતે જ સ્વીકારવો જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

## મારૂતિ વાન મોડી રાત્રે રેલીંગ તોડીને ઝુંડાલ કેનાલમાં ખાબકી

**કેનાલના પાણીમાંથી વાન શોધવા બે જિલ્લાની ફાયરબ્રિગેડ ઘટના સ્થળે**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલી ઝુંડાલ નર્મદા કેનાલના કાચા રસ્તા પાસેથી એક મારૂતિ વાન ગાડી મોડી રાત્રે કેનાલની રેલીંગ તોડીને પાણીમાં ખાબકી હતી. આ વાનમાં ચાલક બેઠો છે કે નહીં તે અંગે હજુ રહસ્ય છે. કેનાલના પાણીમાં મારૂતિ વાનની શોધખોળ ચાલી રહી છે. ગાંધીનગર અને અમદાવાદ બે જિલ્લાની ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે શોધખોળ કરી રહી છે. દિવાળીની બપોર સુધી મારૂતિ વાન મળી આવી ન હતી.

## સેક્ટર-૭નાં સરકારી મકાનની અગાસીમાં રોકેટ ઘુસી જતાં આગ લાગી

**ફાયરબ્રિગેડની ટીમ રાત્રે સમયસર પહોંચી ગઈ અને પળવારમાં આગને કાબુમાં લઈ લીધી : મકાનનું વાયરીંગ તથા બારીઓ બળી ગઈ..!**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સે-૭ ખાતે 'જ' ટાઈપ કેટેગરીના એક સરકારી મકાનની અગાશીમાં ગઈ રાત્રે રોકેટ ઘુસી જતાં આગ લાગી ઉઠી. અગાશીમાં પડોશીએ ફટાકડાની કોથળી મુકી હતી. તેમાં સળગેલું રોકેટ ઘુસી જતાં મકાનની બારીઓ સળગવા લાગી હતી. ફાયરબ્રિગેડને જાણ થતા રાત્રે સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવીને આગને વધુ પ્રસરતા અટકાવી કાબુમાં લઈ લીધી હતી.

સે-૭ના 'જ' ટાઈપ કેટેગરીના એક સરકારી મકાનમાં રહેતું પરિવાર દિવાળી તહેવારની ઉજવણી કરવા બહારગામ ગયું હતું. આ મકાન બંધ હતું તેથી તેની બહારની અગાશીમાં પડોશીએ ફટાકડા ભરેલી કોથળી મુકી હતી. રાત્રે શહેરમાં આતશબાજી શરુ થઈ ગઈ હતી. એક સળગતું રોકેટ સીધું આ બંધ મકાનની અગાશીમાં ઘુસી ગયું અને ફટાકડાની કોથળીમાં પહોંચી જતાં તમામ ફટાકડા ફુટવા લાગ્યા હતાં. જેને પગલે મકાનમાં આગ લાગી ઉઠી હતી અને ધીરે ધીરે આગ પ્રસરીને વિકરાળ સ્વરુપ ધારણ કરે તેવી સ્થિતિમાં આવી ગઈ હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને આ અંગે જાણ થતા તાત્કાલીક ફાયર ઓફીસર મહેશ મોડ સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ગયા અને પાણીનો સતત મારો ચલાવીને આગને નિયંત્રીત કરી દીધી હતી. સદ્‌ભાગ્યે સમગ્ર દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થઈ ન હતી પરંતુ મકાનની બારીઓ તથા વાયરીંગ બળીને ખાખ થઈ ગયું હતું.

## મુખ્યમંત્રી નૂતન વર્ષે ગાંધીનગર-અમદાવાદમાં પ્રજાજનો સાથે શુભેચ્છા આપ-લે કરશે

ગાંધીનગર, તા. ૩

**મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી તા. ૪ નવેમ્બર-૨૦૧૩ને સોમવાર નૂતન વર્ષ નિમિત્તે કોમ્યુનિટી સેન્ટર, મંત્રીમંડળ નિવાસ સંકુલ ખાતે સવારે ૮/૦૦ થી ૮/૪૫ સુધી નાગરિકો સાથે નૂતનવર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.**

**ત્યારબાદ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી મુખ્યમંત્રીશ્રી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ-શાહીબાગ ખાતે ઉપસ્થિત રહી નાગરિકોને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.**


# ભવ્ય ભારતની ઓજસ્વી આવતીકાલ માટે ગુજરાતના વિકાસના તેજપૂંજનો ઝળહળાટ...

## મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો શુભેચ્છા સંદેશ...

ભારતીય ઋષિ-મનીષીઓએ સમાજજીવનની પ્રત્યેક સંરચના અને વ્યવહાર-સંસ્કારમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણથી એવા અદ્‌ભુત તાણાંવાણાં ગૂંથ્યા છે કે, હજારો હજારો વર્ષથી એનું સુઆયોજિત પોત, આપણને જીવન જીવવાની તાકાત આપે છે.

વેદવાણી કહે છે : 'દીપાખ્ય જ્યોતિ પ્રકાશો'. દીપશીખાનો જ્યોતિપ્રકાશ આપણા જીવનને અજવાળે.

બાર વર્ષ પહેલાં આપણે ગુજરાતમાં વિકાસની દીપજ્યોત પ્રજ્વલિત કરી હતી. છ કરોડ ગુજરાતીઓના પરિશ્રમ સિંચનથી આજે ગુજરાત, 'વિકાસનો તેજપૂંજ' બનીને દેશ અને દુનિયામાં છવાઈ ગયું છે.



વેદ-વિજ્ઞાનની પરંપરાને અનુસરીને, આપણે ગુજરાતના આધુનિક વિકાસના આધારસ્તંભ તરીકે પંચશક્તિનો વિનિયોગ કર્યો. પ્રાકૃતિક સંસાધનો અને માનવશક્તિનો સમન્વય કર્યો. જનભાગીદારીની તંદુરસ્ત લોકશાહી અને વિકાસની રાજનીતિના સુશાસનની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી.

બાર-બાર વર્ષની આ વિકાસયાત્રા છ કરોડ ગુજરાતીઓના રાજય શાસન પ્રત્યેના અનન્ય ભરોસાનો પરિપાક છે. સત્તાભુખ્યા રાજકારણના ખેલ ખેલનારા તત્કાલીન શાસકોએ રાજ્યના સમાજજીવનને સંઘર્ષમાં હોમી દીધેલું અને અશાંતિ અને તનાવ, કોમી હુલ્લડો અને વેર-બદલાની હિંસાનો જે કલંકરૂપ ભૂતકાળ ભરખી ગયેલો તેને ગુજરાતે મિટાવી દીધો છે.

ગુજરાતના જાહેર જીવનમાં પહેલીવાર રાજકીય સ્થિર શાસનનો વિક્રમ સર્જવાનું શ્રેય, આ છ કરોડ ગુજરાતીઓની શાંતિ, એકતા, ભાઈચારાની જનશક્તિને ફાળે જાય છે.

બાર વર્ષની આ વિકાસયાત્રાએ કેટકેટલા અભૂતપૂર્વ અંતરાયોનો સામનો કર્યો ?

દેશના જ વર્તમાન શાસકોએ ભારતના સમવાયી લોકતંત્રના અવિભાજ્ય અંગ એવા, ગુજરાત સામે રાજકીય દુશ્મનાવટથી, વેરવૃત્તિથી અન્યાય-અત્યાચારોમાં કોઈ કમી રાખી નથી. - છતાં ગુજરાત ક્યાંય, ક્યારેય ઝૂક્યું નથી. ગુજરાતીઓ ઝિંદાદિલ મિજાજ સાથે ઝૂઝારું બનીને, સુશાસનની દિશામાં અવિરામ - અવિશ્રાંતપણે આગળ વધતા રહ્યા છે.

એટલે જ, ગુજરાતનું સુશાસન અને ગુજરાતીઓનું સામર્થ્ય - આજે ભારતના વિકાસ માટે પથદર્શક બની ગયા છે.

એકવીસમી સદીના પ્રારંભે તો ભારત પણ, વિકાસના સામર્થ્ય થકી, દુનિયામાં શક્તિશાળી રાષ્ટ્રનો પ્રભાવ પાથરશે, એવી સર્વસામાન્ય માન્યતા ઉજાગર થઈ ગયેલી. કમનસીબે, એકવીસમી સદીના પ્રથમ દસકમાં જ, વર્તમાન શાસકોએ સત્તાભૂખ અને તેના ભોગવટામાં દેશની આબરૂનું લિલામ કરી નાખ્યું. સવાસો કરોડ દેશવાસીઓના સપના - સંકલ્પો રોળી નાંખ્યા.

ત્યારે, ગુજરાતનો વિકાસ માત્ર નકશા કે ગ્રાફમાં નથી - સહુ કોઈ ગુજરાતના વિકાસની નજરોનજર અનુભૂતિ કરી રહ્યું છે.

ગુજરાતે દેશના રાજનૈતિક જીવનની મિશાલ બદલી નાખી છે.

આજે સહુને વિકાસની રાજનીતિના 'ગુજરાત - પથ'ને અનુસરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. સહુને ગુજરાત જેવા વિકાસની તમન્ના છે. ગુજરાત અને ગુજરાતી માટે આદરભાવનું સર્વમાન્ય પર્યાવરણ, આપણી સંસ્કારિતાનું નજરાણું બની ગયું છે.

આપણે સુરાજ્યના સંકલ્પ સાથે, ભવ્ય અને દિવ્ય ગુજરાતના નિર્માણમાં પણ ભારતના વિકાસને જ કેન્દ્રસ્થાને રાખ્યો છે. ગુજરાતના સુશાસન અને વિકાસની રાજનીતિમાં પ્રત્યેક નાગરિકની દેશભક્તિના કર્તવ્યનો ભાવ નિહિત રહેલો છે.

લોકતંત્રમાં જનચેતનાનું દાયિત્વ સતત ધબકતું રાખવા માટે મતાધિકારનું ચૂંટણી પર્વ પણ સુરાજ્યની દિશાનું વિરાટ કદમ છે.

ગુજરાતની વિકાસશક્તિનો તેજપૂંજ, હવે ભારતની આવતીકાલના આશા-અરમાનોને મૂર્તિમંત કરવાનું વિરાટ સામર્થ્ય ધરાવે છે એ હકીકત, દેદિપ્યમાન દીપ તરીકે સહુના મનમાં નવા સંકલ્પને અજવાળી રહી છે.

આપણે ગુજરાતી તરીકે એનું સ્વાભાવિક ગૌરવ લઈએ અને વિક્રમ સંવત-૨૦૭૦ના નૂતન વર્ષમાં ભવ્ય ભારતની વિરલ આવતીકાલના સર્જનમાં આપણું, ભારતના નાગરિક તરીકેનું દાયિત્વ નિભાવીએ.

સહુને દીપાવલી મુબારક અને નૂતન વર્ષનાં અભિનંદન.

# રાગ પર આધારિત ફિલ્મી ગીતના માધ્યમથી હળવી શૈલીમાં રાગનું રસ દર્શન કરાવતું પુસ્તક

## શબ્દ સમીપે


- નટવર હેડાઉ

આજથી આરંભ થતા નવા વર્ષની શુભેચ્છામાં જો સૌથી અગત્યની હોય તો તે તંદુરસ્તી એવું મારૂં માનવું છે. પેલી કહેવત છે ને કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' તંદુરસ્તી માટે હાસ્ય અને સંગીત બંને ઉપયોગી છે. આજે માટે તમને એક એવા પુસ્તકની વાત કરવી છે. જેનાથી તમને હાસ્ય અને રાગની બેવડી ઔષધીય અસર વર્તાશે.

'હાસ્ય રાગ'નામનું પુસ્તક હાથમાં આવ્યું છે. તેમાંથી પસાર થતાં જે કંઇ મળ્યું છે તેને ગમતાનો ગુલાલ કરી તમારી સમક્ષ રજૂ કરવા માગું છું. સંગીતના મુખ્ય બે વિભાગ છે. લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત, ધ્રુપદ, ધમાર, ખયાલ, ટપ્પા, હોરી, તરાના, ઠુમરી વગેરે શાસ્ત્રીય સંગીત છે. સા રે ગમ મ પ ધ ની - એ સાત સ્વરના પાંચ હજાર જેટલા પ્રસ્તાર થઇ શકે છે.

'સંગીતનો સમાવેશ થાય છે. સારેગમપધની (અંગ્રેજી સ્વર C D E F G B) એટલે કે ષડજ,. રિષભ, ગોધાર, મધ્યમ, પંચમ, ધૈવય અને નિષાદ - એ સાત સ્વર પર સંગીત સાગર લહેરાય છે. આ અને પ અચલ છે. રે ગ ધ ની શુદ્ધ ઉપરાંત કોમલ પણ છે. (કોમલ રે ગ ધ ની માટે અંગ્રેજી સ્વર Db Eb Ab Bb) આજ રીતે મ શુદ્ધ ઉપરાંત તીવ્ર પણ છે. (તીવ્ર મ માટે F#)'

ભારતમાં સંગીતની બે પદ્ધતિ ચાલે છે. ઉત્તર હિંદુસ્તાનની સંગીત પદ્ધતિ અને દક્ષિણ હિન્દુસ્તાની (કર્ણાટકી) સંગીત પદ્ધતિ, ઉત્તર હિન્દુસ્તાની સંગીત પદ્ધતિમાં દસ થાય છે. જેને ઠાક કે મેલ પણ કહે છે. જે સ્વર સમુહમાંથી અનેક રાગ ઉત્પન્ન થાય છે. તેને થાટ કહે છે. આ દસ થાટના નામ આ પ્રમાણે છે. બિલાવલ, કલ્યાણ, ખમાજ, કાફી, ભૈરવ, મારવા, આશવારી, પૂર્વી, તોડી અને ભૈરવી. બિલાવલ થાટમાં સાતે સાત સ્વર શુદ્ધ હોય છે. કલ્યાણ થાટમાં મધ્યમ તીવ્ર અને બાકીના સ્વર શુદ્ધ હોય છે. આ જ રીતે ખમાજમાં નિષાદ કોમળ, કાફીમાં ગાંધાર અને નિષાદ કોમળ, ભૈરવમાં રિષભ અને ધૈવત કોમળ, મારવામાં રિષભ, કોમળ અને મધ્યમ તીવ્ર, આશાવરીમાં ગાંધાર, ધૈવત અને નિષાદ કોમળ, પૂર્વીમાં રિષભ-ધૈવત કોમલ અને મધ્યમ તીવ્ર, તોડીમાં રિષભ ગાંધાર, ધૈવત કોમળ અને મધ્યમ તીવ્ર તથા ભૈરવી થાટમાં રિષભ, ગાંધાર, ધૈવત અને નિષાદ કોમળ હોય છે.




સંગીતના જ્ઞાતાઓ હોય તે જાણતા જ હોય છે કે રાગની ત્રણ જાતિ હોય છે. પાંચ સ્વરના રાગને ઓડવ, છ સ્વરના રાગને ષાડવ અને સાત સ્વરના રાગને સંપૂર્ણ જાતિનો રાગ કહે છે. સ્વરોમાં ચડતા ક્રમને આરોહ અને ઉતરતા ક્રમને અવરોહ કહે છે સ્વરોના ચડતા ક્રમને આરોહ અને ઉતરતા ક્રમને અવરોહ કહે છે. એક 'સા' થી થી બીજા 'સા' સુધીના સાત સ્વરના ગાળાને સપ્તક કહે છે. સપ્તક ત્રણ છે. મંદ્ર, મધ્ય, અને તાર સપ્તક.

રાગમાં વધુ વપરાતા મુખ્ય સ્વરને વાદી સ્વર કહે છે. એ પછીના મહત્વના સ્વરને સંવાદી સ્વર અને આ સિવાયના સ્વરને અનુવાદી સ્વર કરે છે. રાગમાં નહીં આવતા સ્વરને વર્જિલ સ્વર કહે છે. આમ છતાં વર્જિત, સ્વરના વપરાશથી રાગની સુંદરતા વધે ત્યારે તેને વિવાદી સ્વર કહે છે.

ગીતના 'સ્થાયી' અને 'અંતરા' એમ મુખ્ય બે વિભાગ હોય છે. જે સ્વર સમુહથી રાગ ઓળખાય તે સ્વર સમુહને 'પકડ' કહે છે. રાગમાં આવતા સ્વરનો 'આ' કારમાં વિસ્તાર કરવો તેને માબાપ અને નાન કહે છે. સંગીતમાં સમય માપવાના પ્રમાણને માત્રા કહે છે. ગીત માપવાના સાધનને તાલ કહે છે. તાલની ગતિને લય કહે છે. જેના ત્રણ પ્રકાર છે. વિલંબિત લય, મધ્યલય અને દ્રુતલય. તાલની શરૂઆતની પ્રથમ માત્રાને 'સમ' કહે છે. ગીતમાં સમ આવે ત્યારે સુજ્ઞ શ્રોતા નું મસ્તક ડોલે છે.

આ 'હાસ્ય રાગ' પુસ્તકમાં ફિલ્મી ગીતોના માધ્યમથી લેખકે ભૂપાલીથી ભૈરવી સુધીના ૬૦ રાગનું હળવું રસદર્શન કરાવ્યું છે. પ્રત્યેક રાગ પર આધારિત એક ગીત શીર્ષક ગીત તરીકે આપ્યું છે. અન્ય ગીત પંક્તિઓનો હળવાશથી અને રાગનો ગંભીરતાથી પરિચય કરાવ્યો છે. દરેક રાગના રસદર્શનને અંતે તે રાગ પર આધારિત ગીત રચનાઓની યાદી આપી છે. આ યાદીમાં અનુક્રમે ગીતની પ્રથમ પંડિત, ગાયક, ફિલ્મ અને સંગીતકારનો ઉલ્લેખ કર્યો છે. વળી આ યાદીમાં અંતે 'ક્લોઝ ડાઉન' આપ્યું છે. જેનો આશય ભાવકનો મુડ જાળવવાનો છે.

'હાસ્ય રાગ' સંગીતની પ્રચુર માહિતીને સરળ અને રસપ્રદ રીતે રજૂ કરતું પુસ્તક આપનાર લેખક રમેશ પટેલ 'ક્ષ'નો જન્મ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે તા. ૧૨-૯-૧૯૫૩માં થયો હતો. એમ.કોમ.એલ.એલ.બી.નો અભ્યાસ ધરાવતા લેખક વ્યવસાયે એડવોકેટ છે. પરંતુ સાહિત્ય અને સંગીત ક્ષેત્રે તેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. 'સ્માઇલ પ્લીઝ' નામે સંદેશ અને ગુજરાત ટૂ ડેમાં કટાર લેખન કર્યુ છે. તે ઉપરાંત હાસ્યધારા રૂપે તેમના સંપાદનો જાણીતા છે. તેમના ભૂમિકા નાટ્યને ગુ.સા. અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયેલું છે. તેમનાં કાવ્ય સંગ્રહ ક્ષમા, અંગિત અને ગઝલસંગ્રહ તો પણ ગમે, ઉપરાંત વધુ નવલ 'દિવાળોમાં હવે માણસ ઉતર્યો છે' અને સંપાદન અંતરધારાથી જાણીતા સર્જકનું હાસ્યરાગ પુસ્તક એક નવાં જ પરિચય અને લેખકની સંગીત પ્રત્યેની અદ્‌ભૂત જાણકારીને કારણે કાબિલેદાદ છે. લેખકને ખુબ ખુબ અભિનંદન.

**હાસ્ય રાગ (ભારતીય સંગીતના ૬૦ રાગનું હળવું રસદર્શન) : લેખક - રમેશ પટેલ 'ક્ષ'**

**પ્રકાશક -પોતે, ૨૪, વ્યાપાર ભવન, ન્યાયમંદિર પાસે, હિંમતનગર, મૂલ્ય - રૂા. ૨૫૦/-**

**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩, પૃષ્ઠ-૧૯૬**

# પરિશ્રમના જળથી અને પુરૂષાર્થના અમીથી જીવનવૃક્ષને સીંચીએ

## ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...

- હર્ષદ પ્ર. શાહ

જીવન સુખમય બને એવી બધાને ઇચ્છા હોય, પણ દુઃખ વેઠ્યા પછી જ સુખની અનુભૂતિ શક્ય છે. કર્મમાં સફળતા મળે એવી સહુ કોઇની આકાંક્ષા હોય, પણ એકાદ નિષ્ફળતા મળતાં આગળ ડગ ન ભરનારને કયારેય સફળતા સાંપડતી નથી. પથિકને વૃક્ષની શીતળ છાયાની અપેક્ષા થાય છે, પણ કોઇ બી વાવે જ નહીં અને જળ પાય જ નહીં તો છાયા મળત નથી... એમ જીવનવૃક્ષ પરિશ્રમના જળ અને પુરૂષાર્થના અમી વિના ક્યારેય ફૂલતુંફાલતું નથી.

આપણા દેશના સફળતમ ઉદ્યોગપતિ જે.આર.ડી. તાતાએ કહ્યું છે કે, "Nothing worth while is ever achieved with out deep thought and hard work."

વિશ્વના કોઇ પણ મહાન ચિંતકનું જીવન જીવો તો ચેતનાની સાથે તેનો ગાઢ સંપર્ક ખ્યાલમાં આવ્યા વગર નહીં રહે. એ નાના બાળક જેવા હોય છે. સાવ સામાન્ય બાબતો માટે પણ એમનું હૃદય ઉત્સાહથી ઊછળતું હોય છે. નાના બાળકની જેમ આંખ અને અંતરમાં આશ્ચર્યભાવ ભરીને જીવતા હોય છે. હાથપગ સતત ઊછળતા રહેતા હોય છતાં કોઇ નાના બાળકને તમે કયારેય થાકેલું જોયું છે ? આપણે પણ પોતાના મનને પરિશ્રમયુક્ત તાજગીથી ભરી દેવાનું હોય છે...

જાપાના કવિ યોન નાગૂચી પણ એમનાં વિચારોની તાજગીને કારણે વિશ્વવિખ્યાત બનેલા. એક અમેરિકી મુલાકાતીએ તેમને પૂછ્યું, "સિત્તેર વર્ષની વયે પણ તમે અણથક પરિશ્રમ શી રીતે શકો છો ?"

નાગૂચીએ કહ્યું, "પરિશ્રમ એટલે શું ?"

અમેરિકન તો અવાક્ થઇ ગયો. તેણે કહ્યું, "આપણે વીસ માઇલ ચાલ્યા... શું એ પરિશ્રમ નથી?"

નાગૂચીનો ઉત્તર ખૂબ સુંદર હતો. તેમણે કહ્યું, "એ તો મને હવે ખબર પડી. હું મારા અંતરમાં શિશુભાવ જાળવીને ચાલું છું. ડગલેને પગલે શું નવું આવશે એ જોવામાં મને ખૂબ જ રસ છે અને તેથી મને કદી થાક લાગતો નથી."

વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને અસંખ્ય શોધો કરી છે. એની પાછળ એનો પરિશ્રમ કારણભૂત છે. પ્રયોગોમાં એ એટલા વ્યસ્ત રહેતા કે દિવસો સુધી ખાવાપીવાનું યાદ ન આવ્યું. એકવાર તો અન્નનો એક દાણો પણ મોંમાં મૂક્યા વગર સતત પાંચ દિવસ કામ કરતા રહ્યા. એનો વફાદાર નોકર કહે, "સાહેબ, હવે હદ થાય છે."

નોકર કહે, "ખોરાકની બાબતમાં પણ પ્રયોગો?" એડિસનનો જવાબ હતો, "એક પણ ક્ષેત્ર પ્રયોગવિહોણું ન હોઇ શકે. આ જીવન એકવિરાટ પ્રયોગશાળા છે એમ જ મને તો લાગે છે."

સમુદ્રનાં મોજાં કયારેય થાકતાં નથી. લહેર થાકે નહીં ને... અંતે અડગ ખડકનાય ચૂરેચરા કરી નાખે ! ગુજરાતી તત્ત્વચિંતક નાથાલાલ દત્તાણીએ 'પદ્મરાગ'માં ઉલ્લેખ્યું છે :

- **આરામ હરામ ગણનાર માટે તો કામમાં જ રામ છે, શ્યામ છે તેમજ તીર્થ તમામ છે.**
- **શ્રમસિંચન વડે કાળી માટીય કંચન બને.**
- **સિદ્ધિની સંયુક્તા પુરૂષાર્થના પૃથ્વીરાજને જ વરમાળા પહેરાવે.**

મહાત્મા ગાંધીજીએ કહ્યું કે, "પરિસ્થિતિઓએ પોતાને અનુકૂળ બનાવવી એ જ પુરૂષાર્થ છે."

એક સુંદર બોધકથા છે.

ધરતી પર દુકાળ પડ્યો. અન્નપૂર્ણ રિસાઇને અન્ન ભંડારોમાંથી ચાલ્યાં ગયા. વરૂણ દેવતા પણ જળાશયો સાથે રિસાયા. લોકો ત્રાહી ત્રાહી પોકારવા લાગ્યા. પશપક્ષીઓ મરવા લાગ્યાં.

પોતાના પુત્રોને ભૂખથી પીડાતા જોઇ ધરતીમાતા પણ વ્યાકુળ બની ગયાં. તેમનું હૃદય ફાટવા લાગ્યું. તેમને પોતાના પુત્રોને એકઠા કર્યા અને કર્યુ, "પુત્રો, પુરૂષાર્થ કરો."

એક બોલ્યો, "મા, પરસ્થિતિઓ પ્રતિકુળ છે તો આપણે ઇન્દ્ર, વરૂણ અને અન્નપૂર્ણા દેવીની પૂજા-અર્ચના કરી તેને શા માટે પ્રસન્ન ન કરવા અને તેમનું વરદાન કેમ ન મેળવવું?"

ધરતીમાતાએ જવાબ આપ્યો, "આ દેવદેવીઓ પણ પુરૂષાર્થની જ પૂજા કરે છે. વૃક્ષને પાણી પિવડાવવા માટે તેનાં પર્ણ કે શાખા પર પાણી નાખવાની જરૂર નથી. મૂળમાં પાણી નાખો. આ ત્રણે-ઇન્દ્ર, વરૂણ, અન્નપૂર્ણા-પણ પુરૂષાર્થને આધીન છે. પુત્રો, પુરૂષાર્થ કરો."

માનવપુત્રોમાં ચેતના જાગ્રત થઇ. નવો ઉત્સાહ જન્મ્યો, ભૂખનાં દુઃખને કારણે સૌ પ્રેમ અને એકતાનાં સૂત્રમાં પરોવાયા. સૌ પુરૂષાર્થ કરવા માંડ્યા. ધરતીને ચીરીને પાણીની વ્યવસ્થા કરવામાં આવી. પાણીને નહેરો દ્વારા ખેતરો સુધી પહોંચાડવામાં આવ્યું. ખેતરો અને ખળાંઓ સમૃદ્ધિ થયાં. માણસો તથા પશુપક્ષીઓની ભૂખ મટી.

એક દિવસ ઇન્દ્ર, વરૂણ અને અન્ન, વરૂણ અને અન્નપુર્ણા બીજા દેવદેવીઓ સાથે ફરતા ફરતાં પૃથ્વી પર આવ્યાં. તેમણે ધરતીને પૂછ્યું, "દેવી, સાંભળ્યું છે કે દુકાળની પરિસ્થિતિ ઊભી થઇ છે. અમારા આશીર્વાદ મેળવવાની પણ કોઇ ચેષ્ટા કરવામાં આવતી નથી ? તમે કહો તો અમે કંઇક મદદ કરીએ."

ધરતીએ જવાબ આપ્યો, "મહાભાગ! મદદની જરૂર નથી. મેં મારા પુત્રોને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો મુકાબલો કરવાનું અને પુરૂષાર્થના બળથી અનુકૂળ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવાનું શીખવી દીધું છે. આનું પરિણામ તો તમે જોઇ જ રહ્યા છો."

ધરતીએ જવાબ આપ્યો, "મહાભાગ! મદદની જરૂર નથી. મેં મારા પુત્રોને પ્રતિકૂળ પરિસ્થિતિઓનો મુકાબલો કરવાનું અને પુરૂષાર્થના બળથી અનુકૂળ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવાનું શીખવી દીધું છે. આનું પરિમાણ તો તમે જોઇ જ રહ્યાં છો."

દેવો ધરતીની વાત સાંભળી ત્યાં ચૂપચાપ જતા રહ્યા.

પુરૂષાર્થ એવું વૃક્ષ છે, જેને ફળ આવ્યા વિના રહેતાં જ નથી. કોઇ પણ સફળતા પાછળ પ્રેરણા અને પુરૂષાર્થનું પ્રમાણ એક એવું નવાણું ટકાનું જ હોય છે. પુરૂષાર્થી વ્યક્તિ કયારેય નિરાશ કે અકર્મણ્ય બની જતો નથી. જીવનના કઠિનતમ દાખલાઓનો એકમાત્ર જવાબ પુરૂષાર્થ છે.

શ્રી નાથાલાલ દત્તાણી કહે છે, "દેવતા મારા! હું તો વાંછું છે. પુરૂષાર્થનું તપ, સાફલ્યનું વરદાન નહીં."

• • •

શ્રમ દ્વારા મેળવેલો રોટલો એ ઇશ્વરના આશીર્વાદ પામેલો પ્રસાદ છે,

જે આળસની કમાણી કરતાં અનેકગણો વધુ મીઠો હોય છે.

**- આલ્ફ્રેડ ફ્રોક્વીલ**